ગાંધીનગર સમાચાર

સેકટરોમાં અંધારપટ્ટ : વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થતુ નથી

# હિરાબાએ ૨૦૦૪માં ભાવિ ભાખ્યુ હતુ કે, મારો દીકરો વડાપ્રધાન થશે

## ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યાદદાસ્ત અને આત્મવિશ્વાસ માતા પાસેથી મળ્યા છે

ગાંધીનગર, તા. ૧૬

આવતીકાલે, ૧૭મી સપ્ટેમ્બરના રોજ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના માતુશ્રી હીરાબાનો મળીને આશીર્વાદ લેવાના છે. નરેન્દ્રભાઈમાં જે આત્મવિશ્વાસ



ઠાંસોઠાંસ ભર્યો છે, તે તેમનાં માતાની દેન છે. હીરાબાને તો વિશ્વાસ હતો જ કે પોતાનો દીકરો ભારતનો વડાપ્રધાન બનશે જ. આ વાત છે ફેબ્રુઆરી, ૨૦૦૪ની. એ વખતે તે હું અમેરિકાથી પ્રકાશિત થતા એક સાપ્તાહિકમાં ફરજ બજાવતો હતો. એ વખતે વડનગરમાં તેમના નિવાસસ્થાને તેમનો લાંબો ઈન્ટરવ્યુ



કર્યો હતો. એ વખતે તેમણે કહેલું કે મારો આત્મા કહે છે કે નરેન્દ્ર એક દિવસ ભારતનો વડાપ્રધાન બનશે.

નરેન્દ્ર મોદી (ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી) અમેરિકા જવાના હોવાથી કંઈક જુદી સ્ટોરી કરવી તેવી ઈચ્છા હતી. (જો કે અમેરિકાએ વિઝાનો ઈન્કાર કરતાં એ મુલાકાત શક્ય બની નહોતી) તસવીરકાર વિરેન્દ્ર રામીને મહેસાણાથી લઈને અમે પહોંચ્યા વડનગર. વડનગર નરેન્દ્રભાઈની જન્મભૂમિ. અહીં તેમનું બાળપણ વિતેલું. નરેન્દ્રભાઈના લઘુબંધુ પંકજભાઈએ પણ અમને ખૂબ સહયોગ આપ્યો. આખો દિવસ તેઓ અમારી સાથે રહ્યા. અમે નરેન્દ્રભાઈના નિવાસસ્થાનમાં બોસીનો, ઓસરીમાં હિરાબા સાથે પલાંઠી વાળીને ઘણી વાતો કરી. અમારા માટે આ એક યાદગાર મુલાકાત હતી.

એ વખતે એમની ઉંમર હતી ૮૯ વર્ષની, પણ સ્ફૂર્તિ ૬૫ કે ૭૦ વર્ષની વ્યક્તિ જેટલી હતી. શુદ્ધ ઉચ્ચારો સાથે સહેજ પણ અચકાયા વગર બોલતાં. એમની યાદદાસ્ત પણ આશ્ચર્ય પમાડે તેવી. ગુજરાતની ઐતિહાસિક નગરી વડનગરના એક બેઠા ઘાટના, પરંપરાગત મકાનની ઓસરીમાં બેસીને તેમણે પોતાના પાંચ દીકરાઓમાંથી ત્રીજા નંબરના દીકરા નરેન્દ્ર વિશે વાતચીત કરી હતી.

નાનપણથી જ તેનો સ્વભાવ બીજા કરતાં જુદો હતો. એ ઘોડિયામાં હતો ત્યારથી જ જુદો તરી

● અનુસંધાન પાન-૬ પર

# શહેર પોલીસ છાવણીમાં ફેરવાયું

## કાફલા સાથે પી.એમ.ની કાર એરપોર્ટ-ગાંધીનગર રૂટ પર ફેરવીને પોલીસે બંદોબસ્તનું રિહર્સલ કર્યુ

ગાંધીનગર, તા.૧૬

દેશનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ગુજરાત રાજયનાં પાટનગર ગાંધીનગરમાં આગમનને પગલે વહિવટી તંત્ર ઉપરાંત પોલીસ તંત્ર પણ એલર્ટ મોડ પર છે. સુરક્ષા વ્યવસ્થાનાં દ્રષ્ટીકોણથી એસ.પી.જી.ના માર્ગદર્શન મુજબ જીલ્લા પોલીસ તંત્રએ પી.એમનાં રુટ પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. ગાંધીનગર શહેર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ છે ત્યારે એરપોર્ટ ગાંધીનગર રુટ પર પાયલોટીંગ અને એસ્કોટીંગ સહિતના પોલીસ કાફલા સાથે પી.એમ.ની ગાડી ફેરવીને સવારે રિહર્સલ પણ પોલીસે કર્યુ હતુ.

નરેન્દ્ર મોદીનુ તેમના જન્મદિને માતૃશ્રી હિરાબાનાં આશિર્વાદ લેવા ગાંધીનગરમાં આગમન થયુ છે. રાત્રી રોકાણ રાજભવનમાં કર્યા બાદ સવારે રાયસણ ખાતે વૃંદાવન બંગ્લોઝમાં રહેતા તેમના માતા હિરાબાને મળવા જશે. ત્યાર બાદ લિમખેડા એક કાર્યક્રમમાં હાજરી આપવા પી.એમ. રવાના થશે.

● અનુસંધાન પાન-૬ પર



# જિલ્લામાં ૪ હજાર હેક્ટર વાવેતર વિસ્તાર વધ્યો

## ગત વર્ષે ૧ લાખ ૩૨ હજાર હેક્ટર સામે અત્યારે ૧ લાખ ૩૭ હજાર હેક્ટરમાં વાવેતર સંપન્ન : કઠોળ, મગફળી, વરિયાળીમાં વાવેતર વધ્યુ તો દિવેલા, શાકભાજીમાં ગત વર્ષ જેટલુ જ વાવેતર : કપાસ, ડાંગર, ગુવારમાં વાવેતર ઘટ્યુ

ગાંધીનગર, તા. ૧૬

ગત વર્ષની તુલનામાં જિલ્લામાં આ વર્ષે ખરીફ ઋતુ દરમ્યાન પાકના વાવેતર વિસ્તારમાં સાડાચાર હજાર હેક્ટરનો વધારો નોંધાયો છે અને હજુ વાવણીની કામગીરી ચાલુ છે જે ૧ લાખ ૪૦ હજાર હેક્ટર સુધી પહોંચશે તેમ મનાઈ રહ્યું છે.

ગત વર્ષે જિલ્લામાં ૧ લાખ ૩૨ હજાર હેક્ટરમાં આખી સિઝનનું વાવેતર નોંધાયું હતું જ્યારે આ વખતે એક લાખ ૩૭ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. હજુ પણ એકાદ સપ્તાહ સુધી વાવેતરની પ્રક્રિયા ચાલુ રહેશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વખતે કઠોળના પાકમાં ૫૪૦૦ હેક્ટર કરતાં પણ વધુ વધારો વાવેતરમાં નોંધાયો છે. આ ઉપરાંત વરિયાળીમાં વાવેતર વિસ્તાર તેમજ મગફળીના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળી રહ્યો છે.

દિવેલા અને શાકભાજીના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યું છે. આમ તો ગત સિઝન જેટલુ વાવેતર અત્યાર સુધીમાં થઈ ગયું છે.

આ વર્ષે પાક પેટર્નમાં આવેલ બદલાવને પગલે કપાસ, ડાંગર અને ગવારના પાક વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. કઠોળ, શાકભાજી તેમજ મગફળીના વાવેતર વિસ્તારમાં બજાર કિંમતને લઈ વાવેતર વિસ્તારમાં વધારો થયાનું મનાઈ રહ્યું છે જે હવે જિલ્લાના અર્થતંત્રને વધુ ફાયદો કરાવશે તેવો અંદાજ છે.

ભાદરવા મહિનામાં સામાન્યતઃ ગરમીનું પ્રમાણ જોવા

● અનુસંધાન પાન-૬ પર

# સેકટરોમાં અંધારપટ્ટ : વૃક્ષોનુ ટ્રીમીંગ પણ થતુ નથી

## નવરાતની તૈયારીના આરંભે જે સેકટરોમાં દુવિધાઓની ભરમાર : સાંજ ઢળતા જ ભયનો માહોલ

ગાંધીનગર તા ૧૬

શહેરના સેકટરોમાં હાલ મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ છે. કેટલાક સેકટરોમાં રાત્રિના સમયે ઘનઘોર અંધાર વચ્ચાળે રાહદારીઓ દિશા ભુલે તેવી સ્થિતિ છે. જયારે સ્ટ્રીટ લાઈટના પાલ્સ ચાલુ હોય ત્યાં નમી પડેલી વૃક્ષોની ડાળીઓ આડશ બનતા અજવાળુ પથરાતુ નથી. નવરાત નજીકમાં છે. ત્યારે વળતા ચોમાસે સેકટરવાસીઓને અંધારપટ્ટ વચ્ચે દુવિધાઓથી ગુંગળાઈ રહયા છે. સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો ચાલુ કરવા તેમજ આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

વરસાદી ઋતુની વિદાય વેળાએ સેકટરવાસીઓ અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલા છે. સેકટરોમાં રખડતા ઢોરના ત્રાસ વચ્ચે રાત્રિના સમયે અંધારુ છવાઈ જતા વધુ ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. નવા અને જુના સેકટરોમાં મોટાભાગની સ્ટ્રીટ લાઈટો ડુલ છે. સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સાંજ ઢળતા જ સેકટરોમાં ઘનઘોર અંધારૂ છવાઈ જાય છે. સેકટરોના રીંગ રોડ તેમજ એપ્રોચ રસ્તા પર જ એક પણ લાઈટો ચાલુ ન હોવાના લીધે રાહદારીઓ દિશા ભુલે તેવી સ્થિતિ છે. સે-૧૩ માં પણ સેકટરમાં

● અનુસંધાન પાન-૬ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com